

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*નોટો નો ડુંગર ખોધો પણ ઉંદર નિકળ્યું નહીં,*
*પછાડી ડોક સાપે પણ છછુંદર નિકળ્યું નહીં,*
*નિકળ્યું ન અમૃત વલોવી નાખ્યો આદેશોનો સમુદ્ર*
*છાપી સુંદર નોટો પણ 'કાળું'નાણું નિકળ્યું નહીં...*
*(જૂની નોટોનો 'કચરો' ઘરમાં રાખવાની મનાઈ!)*

### હાઈકુ

*કા.પા. બેંચ ને,*
*છતનું ઠેકાણું નથી -*
*લ્યો! લેપટોપ...*

*પરિસંવાદે -*
*ભરડ્યાં ભાષણ ને -*
*આત્મચિંતન?!*

*(ડી ગ્રેટની શાળા-આચાર્યો પાસે ભાગવત્ કથા)*

### ચિંતન

**આદાનસ્ય પ્રદાનસ્ય કર્તવ્યસ્ય ચ કર્મણઃ ।**
**ક્ષિપ્રમક્રિય - માણસ્ય કાલઃ પિબતિ તદ્રસમ્ ॥**

ઉપરોક્ત શ્લોક સુભાષિત બોધમાંથી લેવામાં આવેલ છે.

જે કંઈ લેવાનું કે આપવાનું હોય અને કર્તવ્ય રૂપ કર્મ હોય તે કરી નાખવું જોઈએ. યોગ્ય સમયે, યોગ્ય કર્મ કરવામાં ન આવે તો તે સમય જીવનની મીઠાશ યાને સુખને પી જાય છે.

જે તે વસ્તુનું આદાન-પ્રધાન યોગ્ય સમયે કરવું જ જોઈએ એમ ન થવાથી 'શાખ' ડૂબી જાય છે. જેમ કે બેન્કમાં ફીક્સમાં મૂકેલાં નાણાં કે આપણા જ ખાતામાં જરૂર પડે ઉપાડવા માટે મૂકેલાં પૈસા કોઈ 'દાંડ' વ્યક્તિની જેમ બેન્કો પણ બોર્ડ મૂકી દે કે 'પૈસા નથી' કહી હાથ ઊંચા કરી દે એ બેન્ક પરનો ભરોસો - વિશ્વાસ ભાંગી નાખે છે. બેન્કની શાખ નબળી પડે છે.

આપ-લે નો વ્યવહાર વિશ્વાસ અને સંબંધ ટકાવવા માટે જરૂરી છે યોગ્ય સમયે આપવાનું કે લેવાનું થવું જ જોઈએ.

### સુવિચાર

- જે સવાલના જવાબ તકલીફ આપે, એવા સવાલને ટાળવાથી માણસ સુખી રહે છે - **એસ.એમ.એસ.**
- સમય રોજ મને એક 'કોરો ચેક' આપે છે... હું જ આળસમાં 'રકમ ઓછી' ભરું છું - **એસ. ભટ્ટાચાર્ય**
- તાજ્જુબ ન કીજીયેગા અગર કોઈ દુશ્મન ભી આપકી ખૈરિયત પૂછ જાયે... યે તો વૉ દોર હૈ જહાં, હર મુલાકાત મે મકસદ છૂપે હોતે હૈ... - **રજનીશ**
- સાચા નાગની ફેણ કરતા ખોટા માણસની તરફેણ વધુ ઝેરી હોય છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- અભિપ્રાયની ભૂલને ત્યારે જ સહી શકાય કે જયારે બુદ્ધિ એને સુધારવા માટે મુક્ત હોય - **મોરારિ બાપુ**
- સુખ સદ્‌ગુણના પાયા પર ઊભું થઈ શકે છે અને એમાંયે એ પાયો સત્યનો હોય તે અતિ આવશ્યક છે - **સંત ફ્રાન્સીસ**
- સારી સ્મરણશક્તિ એ છે કે જેને નમાલી વાતો ભૂલી જતાં આવડે - **બર્નાડ શો**
- આજનું ઓષધ : તુવેરનાં પાન બાળી દહીમાં મેળવી ચોપડવાથી ખસ મટે છે

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ તો અબજોપતિઓ પણ પ્રજા અને સરકારી તિજોરીમાં છિદ્રો પાડી લૂંટાય એટલું - વગર મહેનતનું - મફતનું ઘરભેગું કરતાં જરાય શરમ અનુભવતા નથી. બીજાના પરસેવાની કમાઈ છીનવી લેનારા લૂંટારા જ કહેવાય.

બનાસકાંઠાના પંચાસર ગામની એક ગરીબ-મજૂરણનો પતિ કોઈ અકસ્માતમાં અવશાન પામ્યો. તેના શેઠ એક દિવસ તેની મજૂરીના નિકળતા અઢીસો જેવા રૂપિયા બાઈને આપવા આવ્યા - શેઠની સાચી વૃત્તિ જોઈ સ્ત્રીએ કહ્યું, - શેઠ તમે ભલા છો તેથી જ એની મહેનતની કમાઈના પૈસા આપવા જાતે રૂબરૂ આવ્યા, પણ આ પૈસા હું લઈશ નહીં... શેઠે પૂછ્યું કેમ? આ પૈસા તો તારા હકના કહેવાય? પેલી ગરીબ મજૂરણ બોલી, શેઠ એ જીવિત હતા ત્યાં સુધી એની કમાણી પર મારો હક કહેવાય પણ એના ગયા પછી એની મહેનતનો પૈસો મારાથી ન ખવાય, આપની કોઈ જરૂરિયાતમંદો આવે એની મદદ કરીને આ રકમ વાપરી નાખજો. એના આત્માને શાંતિ થશે. હું તો મજૂરી કરી પેટ પૂરતું કમાઈ લઈશ.

આપણા નેતાઓ - અધિકારીઓએ જીવનના આ સત્યઘટનાનું ખમીર સમજવા જેવું છે. (રવિશંકર મહારાજના પુસ્તકમાંથી)

# અમ્મા-ચિનમ્માનું વિશિષ્ટ રાજકારણ

**તંત્રીસ્થાનેથી...**

આખરે તામિલનાડુના રાજકારણમાં શશીકલા નટરાજનનો સિક્કો જ ચાલ્યો. પનીર સેલ્વમ જેવા પીઢ રાજપુરુષ માટે વચગાળાના કાર્યકારી મુખ્યમંત્રી પદની જવાબદારી જ નિરમાયેલી હોય એમ તેઓ વારંવાર મુખ્યમંત્રીની ખુરશી સુધી પહોંચી જાય છે અને થોડોક સમય એનો આનંદ ભોગવી ઉતાવળે ઊતરી જાય છે. દિવગંત જયલલિતા જયરામ જેવાં લોકપ્રિય નેતાની ચરણચંપી કરવામાં સૌથી મોખરે રહે અને એમના વિશ્વાસપાત્ર બની સતત એમની ગુડબુકમાં ટકે, એવા માણસને બાદુકાઓ સોંપીને પોતે વખત પૂરતો જેલવાસ કે હોસ્પિટલવાસ ભોગવવો તે દખ્ખણનાં સામ્રાજ્ઞીની લાક્ષણિક રાજનીતિ હતી. એ રાજનીતિની કસોટીએ કસીને એમને પનીર સેલ્વમને પોતાના સૌથી વફાદાર 'સેવક નેતા' સ્વરૂપે સ્વીકૃતિ આપી હતી. જયલલિતા જયરામ એમના પૂર્વસૂરિ એમ.જી. રામચંદ્રનનાં રાજકીય વારસ બની શક્યાં હતાં અને તે પણ વરિષ્ઠ નેતાના દેહાવસાન પછી એમનાં ધર્મપત્ની અને પરિવારજનોના સખત વિરોધ વચ્ચે. પનીર સેલ્વમ એવી સ્વીકૃતિ પામી શકે એવું ગજું ન કેળવી શક્યા. એ માત્ર જયલલિતાના હનુમાન બનીને અટકી ગયા. જયલલિતાની હાજરીમાં જેને આવા ઉચ્ચ પદનું સપનું સુદ્ધાં નહોતું આવી શકતું તે શશીકલા નટરાજને આખરે વર્ષો જૂની મહત્ત્વાકાંક્ષા સાકાર કરવામાં સફળતા મેળવી છે. શશીકલાએ રાજકારણમાં પાછલા બારણેથી પ્રવેશ કરવા માટે મૂળે તો જયલલિતાની શુભેચ્છા અને ભલમનસાઈનો જ ફાયદો ઉઠાવ્યો હતો. પ્રસિદ્ધિભૂખ્યાં જયલલિતાના વિડિયોરેકોર્ડિંગથી શરૂ થયેલી ઓળખાણ કાળક્રમે સખીપણામાં પરિણમી અને એ સખીપણું અનેક આરોહ-અવરોહ પછી અંતે એ સૌથી લોકપ્રિય લોકનાયિકાનાં રાજકીય વારસા સુધી પહોંચવામાં સહાયરૂપ નીવડ્યું. શશીકલાએ જયલલિતાની તમામ નબળી નસોની જાણકારી મેળવી લીધી હતી અને સૌથી મોટું કાવતરું તો પોતાના પુત્રને દત્તક આપીને પાર પાડ્યું હતું. એ સમયે અધધધ કહેવાય એવો સો કરોડના સરકારી ખર્ચે ઊજવાયેલા જયાના દત્તક પુત્રનો લગ્નપ્રસંગ ભારતીય રાજકારણમાં દિનપ્રતિદિન થતા જતા મૂલ્યહ્રાસનું ઉદાહરણ છે. જો કે એ ઐતિહાસિક ઘટના પછી શશીકલા સાથે જયલલિતાને અણબનાવ પણ થયો હતો અને એક તબક્કે શશીકલાને દખ્ખણનાં મહારાણીએ રીતસર એમના પોશ નિવાસસ્થાનેથી હાંકી કાઢ્યાં હતા. શશીકલા પર જયલલિતાને ઝેર આપવાનો આરોપ ત્યારે પણ મુકાયલે અને હવે જયારે લાંબી સારવારના અંતે જયલલિતાએ ફાની દુનિયા છોડી દીધી છે ત્યારે પણ એમની ભત્રીજી દીપાએ બિમારી દરમિયાન જયલલિતાનો સુવાંગ કબજો મેળવી લઈ સ્વજનોને પણ નજીક આવવા દેનાર શશીકલા પર આવા જ આક્ષેપોની ઝડી વરસાવી દીધી છે. આવા વિરોધાભાસ વચ્ચે છેલ્લાં વર્ષો દરમિયાન ફરી એક વાર જયલલિતાનાં સૌથી વિશ્વાસુ સાથી બની રહેલાં શશીકલાએ પ્રજાની 'નાની માતા' (ચિનમ્મા) તરીકેનું હુલામણું બિરુદ હાંસલ કરીને તામિલનાડુ જેવા મોટા રાજયનું મુખ્યમંત્રીપદ સોનાની તાસકમાં પ્રાપ્ત કરી લીધું છે, તે આપણા રાજકારણની વિરલ ઘટના છે. શશીકલાના રાજયારોહણ પછી અન્ના ડી એમ કે પાર્ટીમાં બળવો થવાનાં આછાંપાતળાં એંધાણ હોવા છતાં ગ્લેમર અને વફાદારી જેવા મુદ્દે નેતાઓને પૂજવા ટેવાયેલી પ્રજા આગામી દિવસોમાં શશીકલાને ફૂલડે વધાવશે કે એમનાથી વિમુખ થઈ કરુણાનિધિની ડીએમકે પાર્ટી તરફ પાછી વળશે, એ જોવું રસપ્રદ બની રહેશે. દક્ષિણનું રાજકારણ એની રીતનું આગવું છે, તે કોણ નથી જાણતું.

# બે આંધળી વ્યક્તિ ડાન્સ કરી શકે ?



**અદબ-પલાંઠી મોં પર આંગળી**

ડૉ. સંતોષ દેવકર

જીવન આખુ KAABIL બનવા માટેની જ પળોજણ છે. શારીરિક રીતે Comfrot ન હોવા છતાં સંપૂર્ણ તંદુરસ્ત માણસને શરમાવે એવી તેમની દિન-ચર્યાથી આંખો પહોળી થઈ જાય છે. ઋત્વિક-યામીનો પ્રજ્ઞા-ચક્ષુ તરીકેનો જાનદાર અભિનય ઉડીને આંખે વળગે છે. સ્ટોરી સામાન્ય છે પરંતુ તેની અદ્‌ભૂત માવજતને કારણે એક દર્શનીય ફિલ્મ બની છે. ફિલ્મની સ્ટોરી એક પ્રવાહમાં ચાલે છે પ્રેક્ષક એ પ્રવાહમાં વહે છે પછી તણાય છે ને પછી ડુબે છે. હવે શું થશે ? નો પ્રશ્નાર્થ ફિલ્મ જોતી વખતે પ્રેક્ષક સતત અનુભવે છે.

એક આંધળો માણસ શું કરી શકે ? જવાબ છે એક સામાન્ય માણસ કરતાં બહેતર જીવન જીવી શકે છે. તેની પાસે આંખો નથી પણ દૃષ્ટિ હોય છે. સુગંધને તીવ્રતાથી પારખી શકે છે. સામાન્ય અવાજ માત્ર થી આઈડેન્ટીફાઈ કરી શકે છે. સ્પર્શથી હૂંફને અનુભવી શકે છે. આ બધીજ બાબતો દર્શાવવામાં દિગ્દર્શક KAABIL સાબિત થયા છે.

કોઈપણ અપશબ્દો કે ડબલમીનીંગ વગર સુંદર ડાયલોગ અને ટાઈટલ સોંગ ધ્યાન ખેંચે તેવું છે. આ ફિલ્મનું આઈટમ સોંગ તેના રિલીઝ પહેલાથી લોકપ્રિય થઈ ચૂકેલું છે.

બે આંધળા પ્રેમ કરી શકે, એકબીજાને સમજી શકે, લાગણીને અનુભવી શકે, સામાન્ય વ્યકિતની જેમ મકાન ખરીદી શકે, તેને 'ઘર' બનાવી શકે અને ખાસ તો સામેની વ્યક્તિના ઈરાદાને મહેસૂસ કરી શકે છે. આ બધું જ ફિલ્મમાં પ્રેક્ષક મહેસૂસ કરે છે. તે દિગ્દર્શકની કમાલ છે.

સવારે ઉઠવાથી માંડીને રાત્રે સૂતા સુધીની તમામ ક્રિયાઓ કોઈની પણ મદદ લીધા વગર કરવાની -નોકરીએ જવાનું, ટ્રાફિક વચ્ચે રસ્તો ક્રોસ કરવાનો, સાઈકલ ચલાવવાની વગેરે બાબતો અદ્‌ભૂત રીતે બતાવવામાં આવી છે.

ફિલ્મમાં એક આંધળી વ્યક્તિ અસામાજિક તત્વોની હરકતોનો ભોવ બને છે તે વખતે પ્રેક્ષક પોતે અસહાયતાની લાગણી અનુભવે છે. પરંતુ ફિલ્મની સ્ટોરીનો વળાંક કાંઈક જુદો જ આવે છે. શારીરિક રીતે સંપૂર્ણ તંદુરસ્ત, રાજકારણમાં અગ્રેસર નેતા, પૈસાદાર વ્યક્તિ જેની ખૂબ ઊંચી પહોંચ હોય, સમગ્ર તંત્ર જેની મુઠ્ઠીમાં હોય તેને આંધળી વ્યકિત બુધ્ધિપૂર્વક, ટેકનીકથી પરાસ્ત કરે છે ત્યારે પ્રેક્ષક ઝૂમી ઉઠે છે.

કહેવાય છે કે હિન્દી ફિલ્મો જોતી વખતે મગજને ટોકિઝની બહાર મૂકી દેવું. હિન્દી ફિલ્મ જોતી વખતે બહુ તર્ક કરવા જેવા નથી હોતા પરંતુ KAABIL જોતી વખતે આવું નહિ બને બધી જ ઘટનાઓ ઘટે છે ક્રમશઃ અને તર્કબધ્ધ રીતે જ.

કોઈપણ વ્યક્તિ કયારેય કમજોર હોતો જ નથી. જો તેના ઈરાદાઓ બુલંદ હોય તો શારીરિક અક્ષમતા પણ આડે આવતી નથી. આ મેસેજ બખૂબી ઉભરી આવે છે. આજે 'મહેસૂસ' કરવાનું ભૂલાઈ જવાયું છે. સંવેદનહીન સમાજ બનતો જાય છે ત્યારે આ ફિલ્મ સંવેદનાનું વાવેતર કરે છે. બન્ને નાયક-નાયિકા એક બીજાને જોઈ શકતા ન હોવા છતાં એકબીજાના પ્રેમને મહેસૂસ કરી શકે છે. એકબીજાને માણી શકે છે. એકબીજાને અનુભવી શકે છે. ફિલ્મમાં સહાનુભૂતિની વાત નકારવામાં આવી છે. તેની જગ્યાએ KAABIL ની વાત મૂકાઈ છે.

બન્ને પ્રેમીઓ એકબીજા માટે KAABIL નથી. ખૂબજ નમ્રતા અને વિવેક સાથે બન્ને આ વાત સ્વીકારે છે. અને એકબીજાના પ્રેમમાં પડે છે. હું કાબીલ નથી નું રટણ કરતો નાયક પોતાની પ્રેમિકા પર થયેલ અત્યાચારનો બદલો લેવા માટે સંપૂર્ણ રીતે KAABIL સાબિત થાય છે. ફિલ્મ ફસ્ટ હાફમાં ખૂબજ ધીમી ચાલે છે. પછી સેકન્ડ હાફમાં સસ્પેન્સ, ડર અને કેટલેક અંશે હોરરના અંશ સાથે ભરપૂર રોમાંચ અને આનંદ આપે છે. ફિલ્મની કરુણતા એ છે કે પ્રજ્ઞાચક્ષુ લોકો ફિલ્મ જોઈ નહિ શકે પરંતુ મહેસૂસ ચોક્કસ કરી શકશે.

૧૯૮૬માં આવેલી અમિતાભ બચ્ચન અભિનીત ફિલ્મ 'આખરી રાસ્તા' ની યાદ ન આવે તો જ નવાઈ !!

મિસરી

"અંધેરેમેં અગર કિસીકા સાથ હો, તો અંધેરા કમ લગ સકતા હૈ"

-(ફિલ્મ KABIL નો એક સંવાદ)

- santoshdevkar03@gmail.com

# જાણે અજાણે આપણે શિખંડીપણા તરફ ગતિ કરી રહ્યા છીએ કે શું...



**વિચારયાત્રા**

ડો. જય ઓઝા

ઘણીવાર વિચાર આવે છે કે શું શિખંડીપણું અસ્તિત્વમાં વ્યાપ્ત થઈ રહ્યું છે કે શું? કયારેય મુક્ત મને આપણી સ્વતંત્ર અભિવ્યક્તિ વ્યક્ત કરી શકીએ છીએ ખરા? પુલ્લિંગ, સ્ત્રીલિંગ અને નપુંસક લિંગ આ ત્રણ લિંગમાં ધીરે ધીરે છેલ્લા લિંગ તરફ ધકેલાઈ રહ્યાનો હીણો ભાવ ઘેરી વળે છે.

ક્રાંતિકારી વિચારો અને એંગ્રીયંગ મેન જેવી કાર્યશૈલી અપનાવવાનો સ્વપ્ન સેવતા સેવતા સ્વપ્નરૂપી ઈંડા માંથી જે અવતરે છે તે માત્ર પરપોટા જ હોય છે...

વાસંતી વાયરા વાય છે અને લગ્નની મોસમ પૂરબહારમાં ચાલે છે, ચાલતી હોય તો ચાલવા દો... ભલે વરઘોડીયા એક દિવસના સુલતાન બનતા.... આપણને તેમાં શું વાંધો હોય! આપણે વાંધો લેનારા પણ કોણ! પરંતુ, કિન્તુ... લગ્નના આગલા દિવસે ગરબાનો રિવાજ છે... ખૂબ સારું ભાઈ! બધાને હોશ હોય.... આજકાલ પાર્ટી પ્લોટ અને લગ્નવાડીના ભાડા કૂદકે ને ભૂસકે વધતા જાય છે... એટલે સેકટરોના કોમન પ્લોટમાં શામિયાણા બાંધી દઈને પ્રસંગ મનાય છે... પ્લોટ કોમ છે... વાત સાચી... બધાની માલિકીનો છે... એ વાત પણ સાચી... પણ આજુબાજુ વસનારા લોકોની જરા પણ પરવા નહીં કરવાની! ગરબાના નામે ડી.જે. નાઈટ જ ચલાવાય છે... ધ્વનિ પ્રદૂષણ પર નિબંધ લખનારા અથવા લખાવનારા મહાશયો જ સ્પિકરના ભૂંગળા ફાટી ન જાય ત્યાં સુધી - બેબી કો બેઝ પસંદ હે - ના નિયમાનુસાર અત્યાચાર મચાવે છે...

૧૦ વાગ્યા સુધીના નિયમોની પોથી કચરાપોથીમાં ફેંકાઈ જાય છે.

ખૂબ મન થઈ આવે છે કે આજુબાજુ રહેનારા સિનિયર સિટીઝન, નાના ભૂલકાઓ કે પરીક્ષાની સિઝનમાં ભણતા વિદ્યાર્થીઓના મન પર અને કાન પર અત્યાચાર કરીને પરણી રહેલ અને પરણાવતા મોટેરાઓને જઈને બંધ કરવાનું કહી આવીએ... પણ... વળી પાછું કાં તો ઘરના વડીલ અથવા આપણે પોતે એવું વિચારીને સમસમીને બેસી રહીએ છીએ કારણ કે પાડોશીમાં બોલીને કયાં અળખામણા થવું... શિખંડીપણું જાગૃત કરીને બેઠા રહેવાનું...

આવી જ હાલત નવરાત્રીના સમયમાં હોય છે, જયારે સેકટરોમાં 'શેરી ગરબા' થતા તે સમય ચાલ્યો ગયો છે... જયોતિ સંઘ કે તેના જેવી સંસ્થાઓ દ્વારા ગરબાઓનું આયોજન થાય અને અથવા તો સેકટરના બહેનો દ્વારા માતાના ગરબા ગવાતા હતા... હવે ગરબાના નામે ડેડાંટ ચલાવતા બની બેઠેલા વસાહતી કાર્યકરો જેમાં એક પણ મહિલાનો સમાવેશ નથી હોતો! માતાજીના નામે વળી પાછા આવા અત્યાચારને સહન કરતા શિખંડી બની જવું પડે છે...

નવા સેકટરોમાં કદાચ ઓછું પરંતુ જૂના સેકટરો અને તેમાં પણ સેકટર-૨૫,૨૬,૨૭ આ બધા સેકટરોમાં તો ઘરમાં રહેણાંક વિસ્તારમાં હોસ્ટેલોનો રાફડો ફાટ્યો છે... અનધિકૃત રીતે જયાં ને ત્યાં ઘરમાં હોસ્ટેલોનો વેપાર થાય છે... અને પછી ત્યાં તેની આસપાસના રહીશોને હેરાન થવાનો વારો આવે છે... જંગલમાં એકલો રોતો બાળક તેનો અવાજ કયાંક પહોંચી શકવાનો નથી... તે ન્યાયે સગવડ ખાતર વ્યવહારું બની જવાનું અને આંખ આંડા કાન કરીને ચલાવે રાખવાનું! શિખંડી બની જવાનું.

ટ્રાફિક લેનમાં વચ્ચે ઘુસી જતા ઘુસણીયાઓને જોઈને બિલની લાઈનમાં ઊભા હોઈએ અને અંદર પૈસા લેનાર કર્મચારી નાહક ટાઈમપાસ કરતો હોય તે જોઈને! આડેધડ પાર્ક કરી દીધેલા વાહનોના કારણે જયારે આપણે આપણું કામ પતાવી બહાર આવી ત્યારે વ્યવસ્થિત પાર્ક કરેલું આપણું વાહન જ આપણે બહાર ન કાઢી શકીએ તે જોઈને! સરકારી કચેરીઓમાં જાત-જાતના દાખલા કે સર્ટીફીકેટ લેવા માટેની લાઈન લગાવીને ઊભા હોઈએ ત્યારે વચેટીયા ઉપરની અને નીચેની સેટીંગ કરીને ચિટીંગ કરીને કોઈકને દાખલો અપાવી દે તે જોઈને ! ચૂપચાપ બસ શિખંડી પણુ અપનાવી લેવુંપડે છે...

ઉપરોક્ત જેટલા પણ ઉદાહરણ પ્રસ્તુત કર્યા છે તે ખૂબ જ ક્ષુલ્લક છે... અને આવા ઉદાહરણ વાંચીને કદાચ આપ સર્વે અતિશયોક્તિ પણ અનુભવતા હશો પરંતુ વાસ્તવિકતા એ છે કે સમાજની કુરીતિઓ અને કુચેષ્ટાઓ સહેતા સહેતા આપણે ખરે જ નપાણીયા થઈ ચૂક્યા છીએ...

અને બહારના લોકોની અથવા સમાજની જ કયાં વાત કરવી... ઘરના સગાઓ પણ જયારે આ પ્રકારના અવનવા કારસા રચીને બસ નીચું જોણું કરાવવા માટે જ પ્રસંગોનો સહારો લેતા હોય છે... અને 'હોમ પોલિટિક્સ' એ સહુથી ગંદી ચીજ છે... પણ બધું જાણતાં-બૂઝતા હોવા છતાં સહન કરે રાખવું પડે છે.... શિખંડીને જગાવતા રહેવું પડે છે... પરંતુ આ બધી વિવશતા પાછળ ને પાછળ એક પ્રકારની 'હાય' અથવા 'મૂક આક્રોશ ધરબાયેલો હોય છે,' તે કયારેક લાવા બનીને ફાટી નીકળે છે, અને બધુ તહસનહસ કરી નાંખે છે...

આ ક્રૂર અને બહેરો સમાજ તેના ગણ્યા ગાઠ્યા લોકો આપણા આ નિઃશબ્દપણા સંકોચને નિર્માલ્યતામાં ખપાવે છે, તેઓ જાણતા નથી કે બાણાવાળી અને પરાક્રમી અજેય ભીષ્મના મૃત્યુનું કારણ પણ શિખંડી જ બન્યો હતો...

શિખંડીની આડશ લઈને જ અર્જુન ભીષ્મ પર બાણ છોડવા માટે સફળ થયો હતો....

શિખંડીની એ ભૂમિકા રહી હતી કે જયારે ભીષ્મને મ્હાત કરનાર કોઈ નહોતું ત્યારે તેણે જ આ કપરા કાર્યને પાર પાડવામાં ખાસ ભાગ ભજવ્યો હતો.

આપણે પણ કમને અને પરાણે શિખંડી બનવાની મજબૂરી સહન કરી છીએ ત્યારે એક વાત યાદ રાખવી રહી કે... ભલભલા ખેરખાના હાંજા ગગડાવી દેવા માટે એક પળ જ બળવાન જોઈએ છે...

**નોંધ :** ૬ ફેબ્રુઆરી ૨૦૦૬ના મંગળવારથી 'વિચારોની યાત્રા' શરૂ થઈ હતી, તે યાત્રા આજે ૧૧ વર્ષ પૂર્ણ કરી રહી છે, તે નિમિત્તે આપ વાચકોને નમ્રતાપૂર્વક વંદન કરું છું... અને 'અને એવું બધું... - સંબંધયાત્રા, ચિંતનયાત્રા, વિકાસયાત્રા, અંતરયાત્રા અને જીવનયાત્રા - આ છ પુસ્તકો અર્પણ કરું છું.'

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# ટાવર એ પ્રતીક છે તમારા બાળકોનું...



**અજવાળું - અજવાળું**

તુષાર જોશી

'જેઓ ઊંચા ટાવર ઊભો નથી કરી શક્યા તેઓ નિષ્ફળ ગયા છે એમ નથી. પરંતુ ટાવર એ પ્રતિક છે તમારા બાળકોનું.' સેમિનાર સંચાલિકાએ કહ્યું અને ઉપસ્થિત મા-બાપને પોતાના બાળકોની કારકિર્દી વિશેની થોડી વિસ્તૃત સમજ પ્રાપ્ત થઈ.

અમદાવાદના વિકસિત વિસ્તાર એવા બોપલ-ઘુમા - ગોધાવીમાં હવે અનેક શાળાઓ કાર્યરત થઈ છે. આવી જ એક સ્કૂલ ઝાયડસ સ્કૂલ ફોર એક્સેલન્સનો પ્રારંભ ભારતનાં પૂર્વ રાષ્ટ્રપતિ અને જાણીતા વિજ્ઞાની ડૉકટર એ.પી.જે. કલામે કરાવ્યો હતો. આ શાળાના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓની જેમ ભણતર સાથે જ અન્ય પ્રવૃત્તિઓ જેમ કે સ્પોર્ટ્સ - સ્ટેજ પરફોર્મન્સ વગેરેમાં પણ આગળ પડતા રહ્યા છે. શાળામાં આધુનિક ટેકનોલોજી અને સુવિધામાં વધારો ઉત્તરોત્તર થઈ રહ્યો છે. અહીં ધોરણ દસની સીબીએસસી બોર્ડની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓ અને તેમના માતા-પિતાના હૈયામાં રહેલી સમાયેલી-છુપાયેલી વિદ્યાર્થીની કારકિર્દી અંગેની ચિંતા મેનેજમેન્ટ અને સ્ટાફને સ્પર્શી ગઈ. પરિણામ સ્વરૂપે શાળા દ્વારા વિદ્યાર્થીના માતા-પિતા માટે એક વિશેષ મિટીંગનું આયોજન કરાયું અને તેમાં ધોરણ-૧૦ પછી રાજયમાં અને રાજય બહાર મળતા અભ્યાસક્રમો શાળા દ્વારા આપવામાં આવનાર સુવિધાઓ - વિદ્યાર્થીનો અભ્યાસ-તેને પ્રાપ્ત થતું ગાઈડન્સ - વગેરે બાબતે કાઉન્સેલીંગ થયું હતું. એ પછી ફરી એકવાર મહિના પછી એક મેસેજ દ્વારા માતાપિતાને વહેલી સવારે સ્કૂલમાં બોલાવાયા હતા. હેતુ એક જ કે બાળકની કારકિર્દી પસંદ કરવા બાબતે તેમને માર્ગદર્શન મળે.

સ્તુતિ - ફોરમ - રાશિ - જેવા અનેક વિદ્યાર્થીઓના ૭૦થી વધુ સંખ્યાના માતા-પિતા કે પરિવારનું સભ્ય ઉપસ્થિત રહ્યા હતા. આરંભે પ્રાથમિક ચર્ચા - વિચારણા બાદ ઉપસ્થિત સમૂહમાંથી ૭-૮ ગ્રુપ બનાવવામાં આવ્યા. સેમિનાર સંચાલકે આરંભે મનમાં આવે એટલા કાર્યક્ષેત્રો કાગળ - પેન પર લખવા કહ્યું.... હેતુ એક જ કે બદલાત સમયની સાથે સાથે હવે કારકિર્દીના ક્ષેત્રો સીમિત ન રહેતા તેમાં ખાસ્સો મોટો વધારો થયો છે. તબીબી - ઈજનેરી - પરફોર્મિંગ આર્ટસ કે ટુરિઝમ જેવા અનેક ક્ષેત્રોમાં વળી પાછા અનેક પેટા વિભાગો છે જેમાં કોઈ પણ વ્યક્તિ પોતાની કારકિર્દી બનાવીને રસ-રુચિ અનુસાર જીવન નિર્વાહ કરી શકે.

એ પછી આગળ જતાં એ તમામ ગ્રુપને એક પ્રયોગ રૂપે થોડી સામગ્રી આપવામાં આવી. બધાને કેટલીક સામગ્રી સરખી હતી તો કેટલીક અલગ હતી. જે સામગ્રી આપવામાં આવી તેમાં હાર્ડ બોર્ડ - છાપા - સેલો ટેઈપ - ગમ બોટલ - સાવરણાની સળીઓ વગેરે હતા અને કહેવાયું કે આ ઉપલબ્ધ સામગ્રીમાંથી સાથે મળીને માત્ર દસ મિનીટમાં તમારાથી શક્ય હોય તેટલી ઊંચાઈનો એક ટાવર બનાવો...

સહુએ ફટાફટ આરંભ કર્યો. કોઈએ સુચન કર્યું - કોઈએ કોઠાસૂઝનો ઉપયોગ કર્યો - કોઈએ બીજા શું કરે છે એ જોયું - કોઈએ તાત્કાલિક હાથ આવ્યું તે લીધું અને કામને આગલ ધપાવ્યું. કયારેક મુંઝાયા - કયારેય આવું વિચાર્યું ન હોય એ ચેલેન્જ ઉપાડવાની આવી હતી... ફોરમના મમ્મી એ કહ્યું, 'વર્ષો પછી આવું કાંઈ આમ કામ કરવાનું આવ્યું છે...' તો સ્તુતિના ડેડીએ કહ્યું, 'જાણે બેક ટુ સ્કૂલ' જતા હોઈએ એવું લાગે છે. નિયમ સમય પુરો થયે સહુને પોતપોતાનામા મોડેલ સાથે સ્ટેજ પાસે બોલાવાયા... સૌથી ઊંચો ટાવર જે હતો ત્યાંથી ઉતરતા ક્રમમાં તમામ ટાવર ગોઠવાયા. જેમણે સૌથી વધુ ઊંચા ટાવર બનાવ્યા હતા તેમને અભિનંદન આપીને આગળ વાતનો દોર સાંધતા સેમિનાર પ્રવક્તા મહિલો કહ્યું.

ચર્ચા-સંવાદમાંથી - અનુભવમાંથી જે મહત્ત્વના તારણો નીકળ્યા એ એવા હતા કે વિદ્યાર્થીના શિક્ષણને એની કારકિર્દીને સૌથી નીચા ટાવરથી સૌથી વધુ ઊંચાઈના ટાવર સુધી લઈ જવું હશે, એની કારકિર્દીનું એ રીતે ઘડતર કરવું હશે તો એક મજબુત આધાર જોઈએ અને એ આધાર એટલે યોગ્ય સ્કૂલ-શિક્ષકો અને ઘરનું વાતાવરણ. એ પછી જરૂરી છે શક્ય તેટલા શ્રેષ્ઠ સાદનો જયાં પણ શાળા અને માતાપિતા તેમની જવાબદારી નિભાવે છે અને પછી જરૂરી છે. વિદ્યાર્થીના રસ-રુચિ અનુસાર એની કારકિર્દીને યોગ્ય ઘડતર આપવાની. આ એક ટીમ વર્કથી યોગ્ય માર્ગદર્શનથી કારકિર્દીનું ઘડતર થઈ શકે છે.

આમ કારકિર્દીના મહત્ત્વના એવા પ્રાથમિક વળાંકે માતા-પિતાને યોગ્ય કાન્સેલીંગ થવાથી થોડા ઘણા અંશે તેમનો ભાર ઓછો થયો અથવા તેમના વિચારો થોડા વધુ સ્પષ્ટ થયા. માતાપિતાને કહેવાયું કે આવનારા દિવસોમાં બાળકો માટે સંસ્થા દ્વારા જ એક એપ્ટીટ્યુટ ટેસ્ટ ગોઠવવામાં આવશે અને પુરા દિવસ માટે બાળકોને યોગ્ય માર્ગદર્શન અપાશે ત્યારે તેમને થોડી વધુ રાહત થઈ.

સાવ સીધા સાદા એક સેમિનારમાંથી મળતો સંદેશ એટલો જ દૂરગામી છે. ધોરણ-૧૦ કે ૧૨મા જેમના સંતાનો અભ્યાસ કરી રહ્યા છે તેમને હોય એના કરતા વધુ ચિંતા એમના માતા-પિતાને હોય છે. શિક્ષણના ક્ષેત્રે જોડાયેલા લોકો જાણે છે - સમજે છે કે એક સમયે સાવ થોડા ક્ષેત્રો અભ્યાસ માટે પ્રાપ્ત હતા તેની સામે આજે પાર વગરની સંભાવના વિસ્તરતી જાય છે કારકિર્દીના ક્ષેત્રે.

મહત્ત્વની બાબત એ છે કે વિદ્યાર્થીને કોઈ એક વિષયના એક પીરીયડમાં ૪૫ મિનિટ કે આગળ જતા એકાદ બે વર્ષ જો આનંદ ન આવતો હોય તો એ વિદ્યાર્થી એ ક્ષેત્રમાં એના જીવનના ૨૫-૩૦-૩૫ વર્ષ કેવી રીતે ટકી શકશે? એટલે જ કારકિર્દી પસંદ કરતી વખતે વિદ્યાર્થીના પોતાના વિચારો, રસ-રુચિ, વાસ્તવિકતા-આવનારા સમયમાં - દાયકામાં જે તે ક્ષેત્રે ઊભી થનારી કારકિર્દીની તકો વગેરે જેવી બાબતોનો વિચાર કરીને આગળ વધવું વધુ હિતાવહ છે. કદાચ એટલે જ વિદ્યાર્થી કરતા માતા-પિતાની જવાબદારી વધી જાય છે કારણ કે તેમને નિરાશ થયા વિના કે વધુ પડતા ઉત્સાહમાં આવ્યા વિના પોતાના બાળકોને યોગ્ય કારકિર્દી તરફ લઈ જવાના છે. આવું થાય ત્યારે વિદ્યાર્થીઓના જીવનમાં અજવાળા રેલાય છે.

**તેજપુંજ :**

જ્ઞાનની પ્રાપ્તિ ગમે ત્યાંથી થાય - એ મેળવવું જોઈએ. જ્ઞાની માણસ કયારેય ભૂતકાળ નથી બનતો.

**- સ્વામી ધર્મબંધુજી**